1. પરંપરાગત સંચાર માધ્યમોનો ટૂંકો પરિચય આપો. (March 18)

- પ્રાચીન સમયથી ભારતમાં સંચાર માટેના પરંપરાગત સમૂહ માધ્યમોનો મોટા પાયા પર ઉપયોગ થાય છે. ભારતના વિવિધ પ્રદેશોમાં લોકસાહિત્ય, લોકસંગીત અને લોકનૃત્યનું આગવું મહત્ત્વ છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કોઈ વીરકથા, સતીકથા, ધાર્મિક કથા વગેરે લોકકથા, લોકવાર્તા, લોકગીત, આખ્યાન, છંદ, દુહા વગેરે મારફતે થતી હતી.
- રાજસ્થાન અને ગુજરાતમાં ભવાઈ કે તરગાળી, ઉત્તર પ્રદેશમાં નોટંકી, બંગાળમાં બાઉલ, મહારાષ્ટ્રમાં ભારેડ અને મધ્ય પ્રદેશમાં પંડવા જેવા લોકનાટકોનું ગ્રામસમુદાયમાં ખૂબ આકર્ષણ હતું. મનોરંજન મેળવવાનાં પરંપરાગત સમૂહ માધ્યમોમાં કઠપૂતળાનો ખેલ, મલ્લનો ખેલ અને મદારીના ખેલનો સમાવેશ થાય છે. આ સમૂહ માધ્યમો દ્વારા લોકોને મનોરંજન ઉપરાંત નૈતિક મૂલ્યોની સમજ અને વ્યાવહારિક સામાન્ય જ્ઞાન આપવામાં આવતું.
- સમૂહ સંચારના આ પરંપરાગત માધ્યમો પારસ્પરિક રીતે પ્રત્યક્ષ માધ્યમો હતાં. આ માધ્યમોમાં યંત્રવિજ્ઞાન કે ટેકનોલોજીનો અભાવ હતો. ગ્રામજનો સામાજિક, ઐતિહાસિક અને ધાર્મિક પ્રસંગોને પોતાની લોકકલા દ્વારા મનોરંજન સાથે ભાવાત્મક અને નૈતિક મૂલ્યો રજૂ કરતા.
- વર્તમાન સમયમાં આધુનિક સંચાર માધ્યમોના વિકાસના કારણે ખાસ કરીને ટેલિવિઝનના કારણે ગ્રામસમુદાયમાં પરંપરાગત સમૂહ માધ્યમો અસ્ત પામી રહ્યાં છે.

2. કમ્પ્યુટર વિશે ટૂંકમાં પરિચય આપો.

- કયૂટરનો આધુનિક વીજાણુ સમૂહ માધ્યમમાં સમાવેશ થાય છે. આધુનિક યુગ 'કુબ્યુટર યુગ' તરીકે ઓળખાય છે. ઈ. સ. 1946માં હૉન મોચેલ અને જે. પી. એકર્ટ દ્વારા ડિજિટલ કમ્પ્યુટરની શોધ કરવામાં આવી હતી. કમ્પ્યુટર 'ઇલેક્ટ્રોનિક મગજ' તરીકે પણ ઓળખાય છે.
- કમ્પ્યુટર એવું ઇલેક્ટ્રોનિક સાધન છે જે મોટા પ્રમાણમાં લગભગ દરેક પ્રકારની માહિતી અને હકીકતોને પ્રાપ્ત કરે છે, તે માહિતીઓનો સંગ્રહ કરે છે અને તેમનું પૃથક્કરણ કરી વિવિધ સ્વરૂપે માહિતીને પરત મોકલે છે. કપ્યુટર માહિતીની આ પ્રક્રિયા આશ્ચર્યજનક ગતિથી કરી શકે છે.આજે ભારતમાં તમામ ક્ષેત્રોમાં કયૂટરનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. આજના દરેક નાગરિક માટે કમ્પ્યુટરનું શિક્ષણ અનિવાર્ય બન્યું.

3. ઇન્ટરનેટ વિશે ટૂંકમાં પરિચય આપો. (July 18)

- 'ઇન્ટરનેટ' એટલે વિશ્વનું સૌથી મોટું જાળું (એકબીજા સાથે ગૂંથાઈને બનેલું કોકડું) જે અસંખ્ય કમ્પ્યુટર અને મોબાઇલને એકબીજાથી જોડે છે, જે ''ઇન્ટરનેટ નેટવર્ક'' તરીકે ઓળખાય છે. આ ઇન્ટરનેટ નેટવર્કથી દ્વિતરફી માહિતીની આપલે કરી શકાય છે.15 ઑગસ્ટ, 1995ના રોજ ભારતમાં ઇન્ટરનેટની શરૂઆત થઈ હતી. વ્યક્તિ માંગળીના ટેરવાની મદદથી આખા વિશ્વનાં તમામ પાસાંઓનું જ્ઞાન મેળવી શકે છે અને દુનિયાના કોઈ પણ ખૂણે કોઈ પણ પ્રકારની માહિતી મોકલવી હોય તો મોકલી શકાય છે. ઇન્ટરનેટ કમ્પ્યુટર અને સ્માર્ટ ફોન સાથે જોડાતાં ઇન્ટરનેટ નેટવર્કનો અકલ્પનીય ઉપયોગ થવા લાગ્યો છે. ઇન્ટરનેટ પર માહિતી કે સેવા આપતા કુટરને 'ઇન્ટરનેટ સર્વર' કહે છે. ઇન્ટરનેટ પર વિશ્વના હજારો સર્વર એક વિશાળ જાળથી જોડાયેલા છે. આ રચનાને 'વર્ડ વાઇડ વેબ'(WWW) કહે છે. જુદી જુદી વેબ સાઇટ પરથી વિવિધ પ્રકારની માહિતી ક્ષણભરમાં

ઉપલબ્ધ થાય છે. ગવર્નન્સ, ઈબૅન્કિંગ, ઇશૉપિંગ, ઇકૉમર્સ વગેરેનો ઉપયોગ વધવા લાગ્યો છે. ઈન્ટરનેટનું પ્રાધાન્ય શિક્ષણ, આરોગ્ય, રેલવે, હવાઈ મુસાફરી, મનોરંજન વગેરેમાં વધતું જાય છે.

4. સંચાર માધ્યમોની સમાજજીવન પર અસરો સમજાવો.

- સંચાર માધ્યમોની સમાજજીવન પરની અસરો નીચે પ્રમાણે છે : સંચાર માધ્યમોના લીધે કુટુંબવાદને બદલે વ્યક્તિવાદ ઊભો થયો છે.
- સંચાર માધ્યમોએ માનવજીવનને એટલું સરળ બનાવ્યું છે કે તેની અસર વ્યક્તિના વાણી, વર્તન અને વ્યવહાર પર જોવા મળેટેલિવિઝનની ધારાવાહિકોમાં દર્શાવાતું વૈભવી અને વિલાસી જીવન વ્યક્તિની વાસ્તવિક જિંદગીમાં આભાસી ચિત્ર રજૂ કરેઆભાસી જીવનની રજૂઆતના કારણે કેટલીક વાર વ્યક્તિ મહત્ત્વાકાંક્ષી, ઈષળુિ, અધીરો, તનાવપૂર્ણ, વિચારશૂન્ય અને ગણતરીબાજ બની જાય છે.
- જો તેનું પરિણામ નિષ્ફળતામાં આવે તો વ્યક્તિ હતાશા, નિરાશા અને વ્યગ્રતાના કારણે આત્મહત્યા કરવા પ્રેરાય છે. આ જ કારણોના લીધે સમાજમાં આત્મહત્યા અને સામૂહિક આત્મહત્યાના બનાવો વધતા જાય છે. ધારાવાહિકોમાં અને ચલચિત્રોમાં દર્શાવાતાં પ્રેમની અભિવ્યક્તિનાં દશ્યો અને કેટલીક ઇન્ટરનેટની પૉર્ન સાઇટમાં દર્શાવાતાં અવાસ્તવિક વિત દશ્યો યુવામાનસ પર લાંબા ગાળાની ગંભીર અસરો ઉપજાવે છે. પતિપત્નીના સંબંધોમાં સમાનતા, ઉદારતા તથા સ્વતંત્રતાન ખ્યાલો વિકસતા જાય છે.
- કુટુંબજીવનમાં લોકશાહીપૂર્ણ વાતાવરણ વધતું જાય છે. દીકરીના જન્મ, ભેદભાવ કે ઉછેરમાં સમૂહસંચાર માધ્યમોએ નવી જાગૃતિ ઊભી કરી છે.

5. સમૂહસંચારના માધ્યમ તરીકે 'ચલચિત્રો'ની સમજૂતી આપો.

- ચિત્રોને ગતિ આપીને દશ્યો દર્શાવવાની પ્રક્રિયાને 'ચલચિત્રો' (સિનેમા) કહે છે. ચલચિત્રોની ટેક્નોલૉજી થોમસ આલ્વા એડિસને શોધી હતી. ભારતમાં સૌપ્રથમ 7 જુલાઈ, 1896ના રોજ પ્રથમ ચલચિત્ર (ફિલ્મ) રજૂ થઈ હતી. ભારતીય ચલચિત્ર ઉદ્યોગમાં ધદાસાહેબ ફાળકેનું નોંધપાત્ર પ્રદાન હોવાથી આજે પણ તેમના નામે ફિલ્મજગતનો પ્રસિદ્ધ અવૉર્ડ ('દાદાસાહેબ ફાળકે અવૉર્ડ') આપવામાં આવે છે.
- ઈ. સ. 1948માં મુંબઈમાં 'ભારતીય ડિવિઝન'ની સ્થાપના થઈ. આ સંસ્થા 'ન્યૂઝ રીલ્સ' અને દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ કરે છે.ફિલ્મોની વસ્તુ અને સ્વરૂપને સમાજના પાયાનાં ધોરણો અને મૂલ્યોની મર્યાદામાં રાખવા માટે ઈ. સ. 1952માં 'સેન્ટ્રલ બોર્ડઑફ ફિલ્મ સર્ટિફિકેશન'ની રચના કરવામાં આવી.
- ભારતમાં કોઈ પણ ફિલ્મને સાર્વજનિક કરતાં પહેલાં આ સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર લેવું જરૂરી છે. ફિલ્મોમાં સમાજજીવનનાં વિવિધ પાસાંઓનું નિરૂપણ કરવામાં આવે છે. આથી ભારતીય ફિલ્મજગત સમાજનું આકર્ષણનું કેન્દ્ર ભારતમાં હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં ફિલ્મોનું નિર્માણ થાય છે, જેમાં સ્થાનિક અને પ્રાદેશિક સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે.
- વર્તમાન સમયમાં નવા સ્વરૂપે મલ્ટિપ્લેક્સ સિનેમાગૃહનો ઉદય થયો છે. ટેલિવિઝન, કમ્પ્યુટર, ઇન્ટરનેટ, કૉપેક્ટ ડિસ્ક (CD), ડિજિટલ, વર્સેટાઇલ ડિસ્ક (DVD), પેનડ્રાઇવ વગેરેનું પ્રચલન વધતાં સિનેમાગૃહમાં ફિલ્મના દર્શકોનું પ્રમાણ ઘટી રહ્યું છે.

6. સમૂહસંચારના માધ્યમ તરીકે લિવિઝનની સમજૂતી આપો.

- ટેલિવિઝન આધુનિક યુગનો અભુત અને અકલ્પનીય આવિષ્કાર છે. તે સંચારનું અગત્યનું માધ્યમ છે. આ દશ્યશ્રાવ્ય માધ્યમનો આવિષ્કાર ઈ. સ. 1926માં ઇંગ્લેન્ડના વૈજ્ઞાનિક જોન.
- એલ. બેયર્ડ કર્યો હતો. ટેલિવિઝનના માધ્યમથી વ્યક્તિ દૂર બનતા બનાવોનાં દશ્યોને તત્કણ જોઈ શકે છે. ભારતનું રાષ્ટ્રીય ટેલિવિઝન જાહેર પ્રસારણ સેવા સંસ્થા છે. ભારતમાં 15 સપ્ટેમ્બર, 1959ના રોજ સૌપ્રથમ દિલ્લીમાં એક પાયલૉટ પ્રોજેક્ટ તરીકે ટેલિવિઝનનો પ્રારંભ થયો. 15 ઑગસ્ટ, 1965થી નિયમિત સેવા તરીકે સમાચાર બુલેટિન શરૂ કરવામાં આવ્યાં.
- ઈ. સ. 1972માં મુંબઈમાં ભારતનું બીજું ટેલિવિઝન કેન્દ્ર શરૂ થયું. ઈ. સ. 1976માં દૂરદર્શનનો વિભાગ 'ઑલ ઇન્ડિયા રેડિયો'થી અલગ કરવામાં આવ્યો. ઈ. સ1982માં ભારતના યજમાન પદે યોજાયેલ એશિયાડ રમત મહોત્સવનું રંગીન ટેલિવિઝન પ્રસારણ કરવામાં આવ્યું. આમ,
- ભારતમાં રંગીન ટેલિવિઝનનો યુગ શરૂ થયો. ટેલિવિઝન રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક કાર્યક્રમો દ્વારા સેવા પૂરી પાડે છે. ઈ. સ. 1985 પછી ખાનગી ચેનલોની શરૂઆત થતાં તેનાં મનોરંજન કાર્યક્રમોની અસર સમગ્ર ભારતમાં થઈ.
- ★ ટેલિવિઝનના માધ્યમે ભારતની ગ્રામીણ અને શહેરી વસ્તીને પોતાના પ્રભાવ નીચે લાવી દીધી છે.
- ★ ટેલિવિઝન દશ્ય અને શ્રાવ્ય સાધન તરીકે શિક્ષિતો, નિરક્ષરો, ગ્રામીણ અને શહેરી વિસ્તારના અબાલવૃદ્ધ સૌને પોતાના પ્રભાવ હેઠળ લાવનારું માધ્યમ છે. વર્તમાનમાં આશરે 800થી વધુ ચૅનલો દ્વારા કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. ટેલિવિઝન ભારતના દરેક પરિવારનું અભિન્ન અંગ બની ગયું છે.

7. સંચાર માધ્યમોની મદદથી રાષ્ટ્રીય એકતા અને લોકશાહી મૂલ્યોનો પ્રસાર કઈ રીતે થાય છે? સમજાવો.

- મુદ્રિત માધ્યમોએ લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ ઉત્પન્ન કરી સ્વતંત્રતા મેળવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્તમાનપત્રો અને સામયિકોમાં આવતા વિવિધ લેખો લોકોમાં રાષ્ટ્ર પ્રત્યેની ફરજની ભાવના જગાડે છે. રેડિયો અને ટેલિવિઝન પર આવતા રાષ્ટ્રીય એકતાને લગતા સંગીતના કાર્યક્રમોની સમાજ પર વ્યાપક અસર પડે છે. રેડિયો કે ટેલિવિઝનમાં આવતી કેટલીક ધારાવાહિકો રાષ્ટ્રીય એકતાની સર્જક હોય છે.
- ટેલિવિઝન પર પ્રસારિત થતી કેટલીક ધારાવાહિકો જુદા જુદા પ્રદેશો અને જુદી જુદી જાતિના લોકોથી સંબંધિત હોય છે. તેમાં તેમની જીવનશૈલી, વિચારો, માન્યતાઓ વગેરે વ્યક્ત થતાં હોય છે.જુદી જુદી ભાષાની ફિલ્મો પણ આ જ બાબત પ્રતિબિંબિત કરે છે. આવી ધારાવાહિકો અને ચલચિત્રોની અસર નીચે લોકો પોતાના સમાજ અને જીવનરીતિથી ભિન્ન જીવનરીતિનો સ્વીકાર કરતા થાય છે.
- આમ, સંચાર માધ્યમો લોકોની સંકુચિતતા દૂર કરી વિશાળ દષ્ટિ વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે જ પ્રમાણે ઐતિહાસિક અને સ્વાતંત્ર્યસંગ્રામને લગતી શ્રેણીઓ અને ફિલ્મો દેશાભિમાન અને રાષ્ટ્રીય એકતા વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. નવી પેઢીમાં ચારિત્ર્યનું નિર્માણ કરવામાં આવા કાર્યક્રમોનું મહત્ત્વનું યોગદાન છે. સંચાર માધ્યમો મતદાતાઓને મતદાન માટે જાગ્રત કરી લોકશાહીનો પાયો મજબૂત કરવાનું કાર્ય કરે છે. તે મતદાતાઓને જુદા જુદા રાષ્ટ્રીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાથી પરિચિત કરાવી કોને મત આપવો એ નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે. ચૂંટણીઓના સંભવિત પરિણામ અને વાસ્તવિક પરિણામોનું વિશ્લેષણ સેવા લોકો

સમક્ષ રજૂ કરી ચૂંટણીપ્રક્રિયાની સમજ આપે છે. આમ, સંચાર માધ્યમો રાષ્ટ્રીય એકતા અને લોકશાહીના પાયા. મજબૂત કરવામાં આશીર્વાદરૂપ થાય છે.

8. સંચાર માધ્યમોથી આરોગ્યક્ષેત્રે આવેલાં પરિવર્તનોની સમજૂતી આપો.

- રેડિયો, ટેલિવિઝન અને મુદ્રિત માધ્યમોમાં આવતા આરોગ્યને લગતા કાર્યક્રમો અને વિજ્ઞાપનોએ લોકોમાં આરોગ્ય અંગેની વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસાવી છે. લોકો પોતાના આરોગ્ય અંગે જાગ્રત બન્યા છે.
- આહાર, પોષણ અને ચિકિત્સા અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન મળતાં લોકોના આરોગ્યના સ્તરમાં સુધારો થયો છે. કુટુંબકલ્યાણ, બાળ અને મહિલા આરોગ્ય, બાથરૂદકેર, એઇડ્સ વગેરે સ્વાસ્થને લગતાં વિજ્ઞાપનો વસ્તીની ગુણવત્તા સુધારવામાં અને વસ્તીનું નિયંત્રણ કરવામાં મદદરૂપ થાય છે.
- વિવિધ માધ્યમો, ટેલિવિઝનની ચૅનલો અને ઈન્ટરનેટ વિવિધ પ્રકારના રોગો અને તેના ઉપચારો અંગેની માહિતી મળે છે. એચ.આઈ.વી. એઇસ, સ્વાઇન બ્લ્યુ, ચિકનગુનિયા, ટીબી, કેન્સર, પોલિયો વગેરે રોગોની માહિતી અને તેના ઉપચારનો પ્રચાર વધ્યો છે. વર્તમાન સમયનું સૂત્ર 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' સમૂહ માધ્યમો દ્વારા અસરકારક બન્યું છે.

9. સંચાર માધ્યમોથી કલા અને રમતગમતના ક્ષેત્રે આવેલાં પરિવર્તનોની સમજૂતી આપો.

- વર્તમાનપત્રો અને સામયિકોમાં વિવિધ પ્રદેશનાં ક્લા અને ક્લાકારો વિશે માહિતી આપવામાં આવે છે. આ માહિતીના કારણે લોકોમાં હસ્તકલા અને લોકકલા વિશે જાગૃતિ આવી છે. લોકગીત, લોકસંગીત, ચિત્રકલા, ભરતગૂંથણ વગેરે લોકકલામાં નગરસમુદાયના લોકો તથા યુવાનો રસ લેતા થયા છે.
- પરંપરાગત લોકસંસ્કૃતિની જાળવણી અને પ્રસાર માટે સરકાર પણ કાર્યક્રમોનું આયોજન કરે છે. રેડિયો અને ટેલિવિઝન પર આવતાં લોકસંગીત, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય અને સંગીતના કાર્યક્રમોએ લોકોમાં રસ અને અભિરુચિ ઉત્પન્ન કર્યા છે. આથી લોકો વિવિધ ક્લા શીખવા અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેરાય છે. જે સાંસ્કૃતિક વારસો જાળવવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. રેડિયો અને ટેલિવિઝન પર આવતાં પાશ્ચાત્ય સંગીત અને નૃત્યને લગતા કાર્યક્રમોએ યુવાવર્ગને તે શીખવા પ્રેરણા આપી છે.
- ટેલિવિઝનનાંવિજ્ઞાપનો, ધારાવાહિકોમાં પ્રસ્તુત થતી નાટય કલા, અભિનયકલા અને વાત લોકોમાં મનોરંજન સાથે જ્ઞાન પીરસે છે. મનોરંજન આપતી ધારાવાહિકો અને ચલચિત્રોના કેટલાક કાર્યક્રમો પરંપરાભિમુખ હોય છે તો કેટલાક કાર્યક્રમો આધુનિક પરંપરા વિકસાવનાર હોય છે.
- ટેલિવિઝન જેવા સમૂહ માધ્યમમાં રમતગમતની વિશેષ ચૅનલો દ્વારા ઑલિમ્પિક, એશિયાડ, કૉમનવેલ્થ અને રાષ્ટ્રીય રમતોનું તથા ક્રિકેટ, કબડી વગેરે જેવી રમતોના જીવંત પ્રસારણથી લોકોમાં રમતગમત ક્ષેત્રે રસ વધી રહ્યો છે.

## 10.સંચાર માધ્યમોથી મનોવૈજ્ઞાનિક અને અંગત અસરોની સમજૂતી આપો.

- વ્યક્તિના વિચારો, ટેવો, આવડત, પદ્ધતિઓ કે વર્તન બદલીને તેના વ્યક્તિત્વના વિકાસમાં સમૂહ માધ્યમોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. સંચાર માધ્યમોએ પ્રેરણાદાયક વ્યક્તિઓની મુલાકાતો કે જીવન પ્રસંગો દ્વારા સામાન્ય માનવીને જીવન જીવવામાં આગળ વધવાની પ્રેરણા આપી છે.
- સમૂહ માધ્યમો વ્યક્તિને પ્રેરણા, પ્રોત્સાહન, સંઘર્ષ અને સાહસનાં ઉદાહરણો રજૂ કરીને કારકિર્દી ઘડતરમાં મદદરૂપ થાય સમૂહ માધ્યમો વ્યક્તિને ખાનપાન, બેસવાઊઠવાની, રહેણીકરણી, ખોરાક બનાવવાની, સાચવવાની, પીરસવાની વગેરે રીતો શીખવે છે.
- સમૂહ માધ્યમોએ માનવજીવન પર હકારાત્મક અને નકારાત્મક અસરો નીપજાવી છે. ટેલિવિઝનની ધારાવાહિકોમાં દર્શાવાતું વૈભવી અને વિલાસી જીવન વાસ્તવિક જિંદગીમાં આભાસી ચિત્ર રજૂ કરે છે. સંચાર માધ્યમોથી વ્યક્તિ કેટલીક વાર મહત્ત્વાકાંક્ષી, ઈર્ષાળુ, અધીરો, તનાવપૂર્ણ, વિચારશૂન્ય, વિવેકશૂન્ય અને ગણતરીબાજ બની જાય છે.
- પરિણામે નિષ્ફળતાના સમયે હતાશા, નિરાશા અને વ્યગ્રતાનાં કારણે આત્મહત્યા કે સમૂહ આત્મહત્યા કરવા પ્રેરાય છે. પ્રેમની અભિવ્યક્તિ કરતાં દશ્યો અને કેટલીક ઇન્ટરનેટની અશ્લિલ અને પ્રતિબંધિત વેબ સાઇટમાં રજૂ થતા વાસ્તવિકતા કરતાં વિકૃત દશ્યો યુવામાનસ પર ગંભીર અસરો ઉપજાવે છે.